# સોનું અને ચાંદી સામે લોન (Lending against Gold and Silver Collateral)

## 1. પૃષ્ઠભૂમિ

**(Chapter IV of RBI Directive No.DOR.CRE.REC.196/07-01-005/2025-26 on Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Facilities) Directions, 2025 dated 28 November 2025)**

ગોલ્ડ એટલેકે સોનુ વર્ષો થી કિંમતી ધાતુ (પ્રેસિયસ મેટલ) તરીકે ઓળખાય છે. સોનામાં સટ્ટાબાજીનું પ્રમાણ વધારે છે તથા તે એક બિનઉત્પાદક એસેટ છે, તેથી રિઝર્વ બેંકે પ્રાથમિક સોનું (જેમ કે ગોલ્ડ બુલિયન) સામે લોન આપવા પર મર્યાદા મૂકી છે. ઉપરોક્ત બાબતો સોનાની જેમ ચાંદીમાં પણ થતી હોવાથી રિઝર્વ બેંકે ચાંદી સામે લોન આપવા માટે અત્યાર સુધી નિયમો બનાવેલ છે.

પરંતુ ઘરોમાં સોનું પડ્યું રહે છે અને કોઈ ઉત્પાદન કરતું નથી (non-productive asset). તેથી તાજેતરમાં રિઝર્વ બેંકે હાલના નિયમોમાં ફેરવિચારણા કરીને બેંકોને સોનાના દાગીના, આભૂષણ અને સિક્કાઓને ગીરવે રાખીને લોન લેનારની ટૂંકાગાળાની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા લોન આપવા મંજૂરી આપવામાં આવી છે, જેથી લોન લેનારની પાસે નિષ્ક્રિય રીતે પડેલા સોનાના દાગીના, આભૂષણ અથવા સિક્કાઓનો ઉપયોગ કરીને તંગ તરલતા (Tight Liquidity) પરિસ્થિતિમાંથી બહાર આવવાની તક મળે, તેમજ બેંકોના જોખમોનું યોગ્ય રીતે સંચાલન પણ થઇ શકે.

## 2. અમલીકરણ

- રિઝર્વ બેન્કની આ નવી ગાઇડલાઇન્સ/સૂચનાઓ શક્ય તેટલી વહેલી તકે, પરંતુ વધુમાં વધુ 1 એપ્રિલ, 2026 સુધીમાં અમલમાં મુકવાના છે.
- બેંક દ્વારા આ સૂચનાઓ અપનાવવાની તારીખ પહેલાં મંજૂર થયેલી લોન Annex II તથા અગાઉ લાગુ પડતા નિયમો મુજબ જ ચાલશે.
- આ નવી ગાઇડલાઇન્સ/સૂચનાઓ અપનાવી અને અમલમાં મૂક્યા બાદ Annex II અમાન્ય થશે.

## 3. સામાન્ય જોગવાઈઓ

### 3.1. ક્રેડિટ પોલિસી માં સમાવેશ

બેંકની બોર્ડ-મંજૂર ક્રેડિટ પોલિસીમાં નીચે મુજબનો સમાવેશ કરવો:

- Single Borrower Limit
- કુલ પોર્ટફોલિયો મર્યાદા (Aggregate Limits)
- મહત્તમ LTV રેશિયો
- LTV ભંગ થાય તો લેવાતી કાર્યવાહી

- સોનું અને ચાંદીના મૂલ્યાંકન ધોરણો
- સોનું અને ચાંદીની શુદ્ધતાના ધોરણો
- પ્રાથમિકતા ક્ષેત્ર લોન (Priority Sector Loan) તરીકે વર્ગીકૃત કરવાની હોય તો જરૂરી દસ્તાવેજ

**3.2. ક્રેડિટ મૂલ્યાંકન**

બેંક પોતાની ક્રેડિટ જોખમ વ્યવસ્થાપન પદ્ધતિ *Credit Risk Management system) મુજબ યોગ્ય અભિગમ અપનાવી શકે છે, જેમાં નાના ટિકિટ લોન માટે સરળતા અને પ્રમાણાનુપાતિતતા (**Proportionality = Risk-based approach means** Small loan → simple procedures and Large loan → detailed scrutiny)નું ધ્યાન રાખવું.

પરંતુ જો કુલ લોન રકમ ₹2.5 લાખથી વધુ હોય, તો વિગતવાર ક્રેડિટ મૂલ્યાંકન, જેમાં ચૂકવણી ક્ષમતા ચકાસણી ફરજિયાત સામેલ રહેશે.

શરત:
બુલેટ રિપેમેન્ટ લોનમાં, વિગતવાર મૂલ્યાંકન માટે મર્યાદા તરીકે મેચ્યુરિટી પર ચૂકવવાની કુલ રકમ ગણાશે. એટલે કે LTV રેસીઓની ગણતરીમાં લોનની મુદત પુરી થયે મુદ્દલ તથા ચડેલું વ્યાજ  બંનેનો સમાવેશ થશે.

**3.3. નવીનીકરણ (Renewal) અને ટોપ-અપ**

- બોરોઅરની  ઔપચારિક વિનંતી પર, ક્રેડિટ મૂલ્યાંકન આધારે લોન નવીનીકરણ અથવા ટોપ-અપ આપી શકાય.
- તે માત્ર મંજૂર LTV મર્યાદામાં અને લોન "સ્ટાન્ડર્ડ" હોય ત્યારે જ મંજૂર થશે.
- બુલેટ લોનનું નવીનીકરણ ત્યારે જ થશે જ્યારે બાકી વ્યાજ ચૂકવવામાં આવ્યું હોય.
- આવા નવીનીકરણ અને ટોપ-અપ CBS અથવા Loan Processing Systemમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવવા જોઈએ.

**4. પ્રતિબંધો અને મર્યાદાઓ**

**4.1 નીચે મુજબની લોન મંજૂર નહીં થાય:**

(1) સોનું કોઈપણ સ્વરૂપમાં ખરીદવા માટે (પ્રાથમિક સોનું, દાગીના, આભૂષણ, સિક્કા) અથવા સોના-આધારિત નાણાકીય સંપત્તિ (જેમ કે ETF યુનિટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ) ખરીદવા માટે.

(2) પ્રાથમિક સોનું અથવા ચાંદી અથવા તે આધારિત નાણાકીય સંપત્તિ સામે.

પરંતુ:
જે બોરોઅર સોનું અથવા ચાંદીનો ઉપયોગ, દાગીના/ઝવેરાત બનાવવા કાચા માલ તરીકે કરે છે, તેવા બોરોઅરની જરૂરિયાત આધારિત વર્કિંગ કેપિટલ Tier 3 અથવા 4 બેંક આપી શકે છે, અને તે જ દાગીના/ઝવેરાત

ગીરવે તરીકે સ્વીકારવા. પરંતુ ખાતરી કરવી કે સોનું અથવા ચાંદી રોકાણ કે સટ્ટાબાજી માટે ઉપયોગમાં ન લેવાય.

**4.2. માલિકીની ખાતરી**

- જો ગીરવે મુકવાના દાગીના/ઝવેરાત ની માલિકી અંગે શંકા હોય તો લોન આપવી નહીં.
- બોરોઅર પાસેથી માલિકી અંગે યોગ્ય ઘોષણા (Declaration) લેવી.
- એક જ ઉધારકર્તાને વારંવાર મોટી રકમની લોન Anti Money Laundering હેઠળ ખાસ તપાસવી.

**4.3 પ્રતિબંધ**

બેંક નીચે મુજબ નહીં કરે:

(1) ગ્રાહકો દ્વારા ગીરવે મૂકેલા સોનાને ફરી ગીરવે મૂકી લોન લેવી નહીં.
(2) અન્ય લેન્ડર પાસે ગીરવે મૂકેલા સોનાને સ્વીકારી લોન આપવી નહીં.

જો બેંકો વારંવાર **એક જ ગીરવેને ઘણા વખત ઉપયોગ કરે**, તો આખી બેંકિંગ સિસ્ટમમાં જોખમ વધી શકે. તેથી RBI એ સ્પષ્ટ કહ્યું કે:

- **સોનું ફરી ગીરવે મૂકવું નહીં**
- **બીજા લેન્ડરનું ગીરવે સોનું સ્વીકારવું નહીં**

જો બેંક ગ્રાહકનું ગીરવે મૂકેલું સોનું **બીજી જગ્યાએ ફરી ગીરવે મૂકે**, તો જોખમ વધી જાય છે.

**ઉદાહરણ**

ગ્રાહકે બેંક A પાસે સોનું ગીરવે મૂકી લોન લીધી. બેંક A એ તે જ સોનું બેંક B પાસે ગીરવે મૂકી ફરી લોન લીધી.

હવે જો બેંક A મુશ્કેલીમાં પડે તો:

- બેંક B સોનું કબ્જે કરી શકે
- ગ્રાહકનું સોનું જોખમમાં આવી શકે

→ તેથી RBI કહે છે કે **ગ્રાહકનું સોનું બેંક પાસે જ સુરક્ષિત રહેવું જોઈએ.**

**સ્પષ્ટતા:**
આ જોગવાઈ underlying receivables સામે ફાઇનાન્સિંગ કરવા પ્રતિબંધિત કરતી નથી. આનો અર્થ થોડો ટેકનિકલ છે. **Underlying receivables** એટલે **જે લોન લોકો પાસેથી પાછી મળવાની છે (loan repayments)**. બેંક પાસે ઘણા **gold loansના receivables** હોય છે (ગ્રાહકો પાસેથી આવનારી EMI), તે receivables સામે:

- બીજી બેંક પાસેથી **finance લઈ શકે**
- **securitization / assignment** કરી શકે

**ઉદાહરણ**

એક બેંકે 1000 લોકોને gold loan આપેલ છે.
કુલ **₹50 કરોડ લોન outstanding છે**.

હવે બેંક:

- આ loan receivables (EMI આવવાની રકમ) ના આધાર પર
- બીજી બેંક પાસેથી **₹30 કરોડ funding લઈ શકે**.

**➡ અહીં સોનું ગીરવે મૂકાતું નથી**,
➡ પરંતુ **loan receivables સામે finance મળે છે**, તેથી આ મંજૂર છે.

**4.4 . બુલેટ લોન સમયગાળો**

- બુલેટ રિપેમેન્ટ લોન મહત્તમ 12 મહિના માટે જ છે.
- ઉપર જણાવ્યા મુજબ નવીનીકરણ (Renewal) કરી શકાય.

**4.5. વજન મર્યાદા**

(1) એક લોન લેનાર માટે:

- સોનાના આભૂષણ: મહત્તમ 1 કિલોગ્રામ
- ચાંદીના આભૂષણ: મહત્તમ 10 કિલોગ્રામ

(2) સિક્કા:

- સોનાના સિક્કા: મહત્તમ 50 ગ્રામ
- ચાંદીના સિક્કા: મહત્તમ 500 ગ્રામ

**5. મૂલ્યાંકન અને અસેઇંગ**

**5.1. મૂલ્યાંકન પદ્ધતિ**

સોનું/ચાંદી તેની વાસ્તવિક શુદ્ધતા મુજબ મૂલ્યાંકિત કરવું.

નીચેમાંથી ઓછી કિંમત અપનાવવી:

1. છેલ્લા 30 દિવસની સરેરાશ ક્લોઝિંગ કિંમત
2. અગાઉના દિવસની ક્લોઝિંગ કિંમત

(IBJA અથવા SEBI નિયંત્રિત કોમોડિટી એક્સચેન્જ મુજબ)

**5.2. શુદ્ધતા માહિતી ઉપલબ્ધ ન હોય તો**

નજીકની ઉપલબ્ધ શુદ્ધતા મુજબ કિંમત લઈને વજન પ્રમાણસર એડજસ્ટ કરવું.

**5.3. આંતરિક મૂલ્ય**

માત્ર સોનું અથવા ચાંદીનું આંતરિક મૂલ્ય ગણવું.
રત્ન, પથ્થર વગેરેનો ખર્ચ ઉમેરવો નહીં.

**6. Loan to Value (LTV) રેશિયો**

**6.1. મહત્તમ LTV**

| **લોન રકમ** | **મહત્તમ LTV** |
|---|---|
| ≤ ₹2.5 લાખ | 85% |
| > ₹2.5 લાખ ≤ ₹5 લાખ | 80% |
| > ₹5 લાખ | 75% |

**વ્યાખ્યા:**
LTV = બાકી લોન રકમ ÷ ગીરવે મુકેલ સોનાનું નું મૂલ્ય

બુલેટ લોનમાં LTV મેચ્યુરિટી પર ચૂકવવાની કુલ રકમ ( with interest ) ગણવામાં આવશે.

**6.2. LTV જાળવણી**

સમગ્ર લોન સમયગાળા દરમિયાન LTV મર્યાદા on-going basis જાળવવી ફરજિયાત.

**7. અન્ય જોગવાઈઓ**

**7.1. Conduct and collateral related aspects**

આ બાબતે બેંકે RBI (Urban Co-operative Banks – Responsible Business Conduct) Directions, 2025 મુજબ માર્ગદર્શન લેવું.

**7.2. લોન વિતરણ અને KYC**

- લોન સામાન્ય રીતે બોરોઅરના બેંક ખાતામાં જમા કરવી.
- RBI (UCB – KYC) Directions, 2025નું પાલન કરવું.
- Income Tax Act, 1961ની કલમ 269SS અને 269Tનું પાલન કરવું.

**7.3. બેંક ટ્રાન્સફર નિયમો**

(1) લોન રકમ બોરોઅરના ખાતામાં જમા કરવી, ત્રીજા પક્ષને નહીં.

**અપવાદ:**

- કાનૂની/નિયામક ફરજ ((Statutory or Regulatory instructions of RBI or of any other regulator)
- કો-લેન્ડિંગ વ્યવહાર
- લોન નિર્ધારિત હેતુ માટે આપવામાં આવેલ હોય તો રકમ સીધી એન્ડ-બેનિફિશિયરીના ખાતામાં જમા કરવી.

(2) લોન ચુકવણી (Repayment) સીધી બેંક ખાતામાં જ લેવાય, કોઈ ત્રીજા પક્ષના પૂલ એકાઉન્ટ મારફતે નહીં.

**7.4. બહુવિધ લોન**

એક જ ઉધારકર્તા અથવા સંબંધિત જૂથને એક કરતા વધારે લોન આપવી જોખમી હોઈ શકે છે.
આવા કેસમાં કડક આંતરિક ઓડિટ અને દેખરેખ કરવી.

**8. ખુલાસા જરૂરીયાતો**

બેંક RBI (Urban Co-operative Banks – Financial Statements: Presentation and Disclosures) Directions, 2025 મુજબ ખુલાસા સંબંધિત સૂચનાઓનું પાલન કરશે.